


વ્યારા-ચીખલી રોડ પરના બ્રિજનું રેલિંગ સાથે ધોવાણ.




મહુવામાં નદી ગાંડીતુર બની રસ્તા ઉપર ઊતરી આવી, વાહન વ્યવહાર બંધ થઈ ગયો




બારડોલીમાં વરસાદથી તો રાહત રહી, પરંતુ ઘોડાપૂર આવતાં ગામડાંમાં પાણી જ પાણી થઈ ગયા

# તાપી જિલ્લામાં મેઘાનું રૌદ્ર સ્વરૂપ: ગામો બેટ બન્યાં

**અતિ** ભારે વરસાદથી ઘોડાપૂરથી ધોરી માર્ગના અનેક પુલ, રસ્તા તૂટ્યા

**વાલોડમાં** વૃદ્ધાનું કોઝવેમાં પગ લપસી જતાં મોત નીપજ્યું

**સોનગઢના** હિરાવાડી ગામે ખેતરેથી મોટર કાઢવા ગયેલું દંપતી ફસાયું

**ઘરો**-ખેતરોનું ધોવાણ, વીજળી ડૂલ થતાં અંધારપટ, રાત્રે બાળકોને બચાવવા કે ઘર સામગ્રી એવી સ્થિતિ

વ્યારા: તાપી જિલ્લામાં અતિ ભારે વરસાદને કારણે ગીરા, પુર્ણા, મીંઢોળા, ઝાંખરી, વાલ્મીકિ સહિતની નદીઓએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં ઘોડાપૂર આવતાં ધોરી માર્ગના અનેક પુલ, રસ્તા તૂટવાની સાથે અનેક ગામો બેટમાં ફેરવાતાં ઘરોમાં પુષ્કળ પાણી ભરાતાં વીજળી ડુલ થવાની સાથે છવાયેલા અંધારપટ્ટમાં ઘર સામગ્રી બચાવે કે બાળકોને. ઢોરઢાંખર પણ બેકાબૂ થતાં ભારે મુશ્કેલીનો સામનો કરવા લોકો લાચાર બન્યા હતા. મોટા ભાગના સરકારી અધિકારીઓએ પોતાના ફોન રિસીવ ન કરતાં બચાવની કામગીરી માટે લોકો નિરાધાર બન્યા હતા.

વાલોડમાં જશુબેન રામુભાઈ હળપતિ (ઉં.વ.૭૦)નું કોઝવેમાં પગ લપસી જતાં કોતરમાં તણાઈ જતાં મોત નીપજ્યું હતું. સોનગઢના હીરાવાડી ગામે પોતાના ખેતરેથી મોટર કાઢવા ગયેલાં પતિ-પત્ની રમેશભાઈ અને કેલાબેન રાત્રે પાણીમાં ફસાઈ ગયાં હતાં. આખી રાત પાણીમાં કાઢ્યા બાદ પાણી ઓસરતાં તેમનો બચાવ થયો હતો. તારવાડા અને વ્યારાના લખાલી ગામે સ્કૂલની કમ્પાઉન્ડ વોલ તૂટી પડી હતી. જો કે, કોઈને ઈજા ન થતાં રાહત અનુભવી છે.

હિરાવાડી ગામે પુલ તૂટી જતાં સોનગઢ-બરડીપાડા અને આમલગુંડીમાં પુલ તૂટી પડતાં વ્યારા-ટેમ્કા-સરૈયા બંને રાષ્ટ્રીય ધોરી માર્ગ બંધ થતાં ડાંગ-આહવાનો સંપર્ક તૂટ્યો હતો. ઓટા સ્ટેટ ધોરી માર્ગ પર ચીમેરમાં ભૂસ્ખલન થતાં વાહન વ્યવહાર બંધ કરી દેવાયો હતો.

કુકરમુંડામાં ફૂલવાડીથી ઈટવાઈ તરફ જતા રસ્તા ઉપર કેવડામોઈ ગામે મહારાષ્ટ્રમાં થયેલા વરસાદથી કોઝવે પરથી પાણી જતા રસ્તો બંધ થઈ ગયો હતો. ભારે વરસાદને કારણે અનેક જગ્યાએ ખાનાખરાબી સર્જાઈ હતી.




વ્યારા: વ્યારાના ઝાંખરી ગામે નિશાળ ફળિયા અને ઝરી ફળિયાને જોડતા લો લેવલ કોઝવેના ધસમસતા પ્રવાહ વચ્ચેથી ગ્રામજનો પોતાના જીવના જોખમે અંતિમયાત્રા લઈ જવા મજબૂર બન્યાં હતા.

## તાપી જિલ્લામાં ૧૧૩ રસ્તા બંધ કરાયા

તાપી જિલ્લામાં આશરે ૧૧૩ જેટલા રસ્તા જેમાં વ્યારાના ૨૮, ડોલવણના ૩૦, વાલોડના ૧૯, સોનગઢના ૨૫, ઉચ્છલના ૧૧ રસ્તા બંધ થઈ જતા જન વ્યવહાર ખોરવાયો હતો. અતિ ભારે વરસાદને કારણે ધોરી માર્ગ અને ગ્રામીણ રસ્તા પર પાણી ફરી વળતાં કરોડ, મોહિની, ટાવલી ગામો સંપર્કવિહોણા બન્યાં હતાં. અસંખ્ય ઘરોમાં પાણી ભરાયાં હતાં.

## સ્થળાંતર અને રેસ્ક્યુની કામગીરી



**તાપી જિલ્લામાં વરસાદ**

| | |
|---|---|
| ડોલવણ- | ૬.૭૮ ઈંચ |
| ઉચ્છલ- | ૫.૮૪ ઈંચ |
| સોનગઢ- | ૪.૪૮ ઈંચ |
| વાલોડ- | ૪.૪૪ ઈંચ |
| વ્યારા- | ૩.૫૨ ઈંચ |

ઉચ્છલ તાલુકાના ઉચ્છલમાં ૭૦, કટાસવાણમાં ૨૪ અને ખાબદામાં ૬૩, વ્યારામાં પાનવાડીમાં ૬૭, છીંડીયામાં ૧૦૦, કાંજણમાં ૧૧, આરકુંડમાં ૬ અને મેઘપુરમાં ૧૫, વાલોડ તાલુકાનાં વાલોડમાં ૧૯૫, નાલોઠામાં ૧૬૦, વેડછીમાં ૭૦, અંબાચમાં ૧૧૫, રાનવેરીમાં ૧૨ જ્યારે વિરપોરમાં ૧૧૫ વ્યક્તિને સ્થળાંતરિત કરાયા હતા. વાલોડમાં ઘરોમાં પાણી ભરાતાં નાલોઠામાં ૩૫, અંબાચમાં ૪૫, વેડછીમાં ૨૦, વિરપોરમાં ૪ વ્યક્તિઓના રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.

## આમલગુંડીમાં પ્રાથમિક શાળા પર ઝાડ પડ્યું, છતાં શાળા ચાલુ રખાઈ

સોનગઢના આમલગુંડીમાં પ્રાથમિક શાળા પર રાત્રે ઝાડ તૂટીને પડ્યું હતું. છતાં વિદ્યાર્થીઓના જોખમે શાળા ચાલુ રાખવામાં આવી હતી. અહીં ખાડીપાર ફળિયામાં ત્રણેક ઘરો અને પારસી ફળિયામાં એક ઘરમાં પાણી ભરાતાં ઘરવખરીને ભારે નુકસાન થયું હતું. વાલોડ વાલ્મીકિ નદીમાં ઘોડાપૂર આવતાં નદી કાંઠાના પુલ ફળિયા સહિતનાં વિસ્તારોમાં ૭૦થી વધુ ઘર પાણીમાં ગરકાવ થયા હતા, જેમાં ઘરવખરીની તમામ સામગ્રી નુકસાન પામી છે. વ્યારાના ગડત, બેડચીત, ભોજપુરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ડોલવણ, નિઝર, કુકરમુંડા અને ઉચ્છલમાં ભારે વરસાદને કારણે રોડ-રસ્તાને નુકસાન થતાં તાલુકાની આંગણવાડીઓ, શાળાઓ બંધ કરવામાં આવી હતી. જો કે, વ્યારા, વાલોડ, ડોલવણ અને સોનગઢમાં પણ રોડ-રસ્તા બંધ છતાં મોટા ભાગની શાળાઓ ચાલુ રાખવામાં આવી હતી, જેથી વિદ્યાર્થીઓ હેરાન-પરેશાન થતાં નજરે પડ્યા હતા.

# બારડોલીની પુર્ણા નદીમાં ઘોડાપૂર છીત્રા અને ખરડનો સંપર્ક કપાયો

**નસીબજોગ** ઘરોમાં પાણી ન ઘૂસતાં રાહત

**અવરજવર** માટેનો એકમાત્ર રસ્તો બંધ થઈ જતાં લોકોની હાલત કફોડી

બારડોલી : તાપી જિલ્લામાં પડેલા ભારે વરસાદની અસર પુર્ણા નદીમાં થઈ હતી. બારડોલી તાલુકાના છેડે આવેલાં ખરડ અને છીત્રા ગામની હદમાંથી પસાર થતી પુર્ણા નદીમાં ઘોડાપૂર આવતાં બંને ગામો સંપર્કવિહોણા બન્યાં હતાં.

તાપી જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે વાલોડ તાલુકામાંથી પસાર થતી વાલ્મીકિ નદી તોફાની બની હતી. જળ સપાટીમાં વધારો થતાં કિનારાનાં અનેક ગામોમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. દરમિયાન આ નદી પુર્ણા નદીમાં ભળી જતી હોવાથી પુર્ણામાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાતાં બારડોલીના છેવાડે આવેલાં ખરડ અને છીત્રા ગામમાં પણ સવારથી પાણી ઘૂસવાની શરૂઆત થઈ હતી. નસીબજોગ ઘરોમાં પાણી ઘૂસ્યા ન હતા. પરંતુ ગામની ફરતે પાણી હોય તેમનો અન્ય ગામો અને તાલુકા સાથેનો સંપર્ક કપાઈ ગયો હતો. લોકો ગામમાંથી અવરજવર માટેનો એકમાત્ર રસ્તો બંધ થઈ જતાં સ્થિતિ ખરાબ થઈ ગઈ હતી.



## બાળકોને શાળાએ મોકલવા ટ્રેક્ટરની વ્યવસ્થા કરાઈ

છીત્રા ગામની પ્રાથમિક શાળામાં તો વિદ્યાર્થીઓ માટે રજા જાહેર કરી દેવામાં આવી હતી. પરંતુ ગામમાંથી અન્ય શાળામાં અભ્યાસ અર્થે ગયેલા વિદ્યાર્થીઓ અટવાઈ ગયા હતા. તેમને લેવા માટે વાલીઓ પાણીમાંથી ટ્રેક્ટર લઈ ગયા હતા અને ટ્રેક્ટરમાં બેસાડી ઘર સુધી પહોંચાડ્યા હતા. વિદ્યાર્થીઓએ સહી સલામત ઘર પહોંચી જતાં વાલીઓએ પણ રાહત અનુભવી હતી.

## વાઘેચમાં પાણી કાઢવા ડિવાઇડર તોડી પડાયું



ગુરુકુળ સુપા નજીક પુર્ણા નદી પરનો પુલ પાણીમાં ડૂબી જતાં બારડોલી નવસારી રોડ વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયો હતો. આ ઉપરાંત બારડોલી તાલુકાના વાઘેચ ગામથી આગળ પણ પાણી ભરાઈ જતાં રસ્તો બંધ કરવાની ફરજ પડી હતી. રસ્તાના ડિવાઇડરને કારણે પાણી નહીં નીકળવાથી લોકોએ ડિવાઇડર તોડી પાણી કાઢ્યું હતું.

## ખરડ અને છીત્રામાં બોટથી જમવાનું પહોંચાડાયું


બારડોલી : પૂર્ણા નદીનું લેવલ વધતાં બારડોલી તાલુકાના ખરડ તથા છીત્રા ગામના રસ્તા ડૂબી જતા બંને ગામ સંપર્કવિહોણાં બન્યાં હતાં. બારડોલી મામલતદાર તથા ટીડીઓએ બારડોલી ફાયર વિભાગની ટીમની મદદથી બોટ મારફતે જમવાનું પહોંચાડ્યું હતું.



# મહુવાની પૂર્ણા નદીમાં ઘોડાપૂર, 171નું સ્થળાંતર




મહુવા નગરમાં પૂરને કારણે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાતાં દોરડા બાંધી પરિવારોને બહાર કાઢવાની નોબત આવી હતી.




## મહુવા-અનાવલ સ્ટેટ હાઇવે ઉપર વાહન વ્યવહાર ઠપ

મહુવા-અનાવલ સ્ટેટ હાઇવે પર નદીના પૂરના પાણી ફરી વળતાં વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. મહુવા પંથકનાં ગામોમાં જાણે નદી સ્ટેટ હાઇવે પર લટાર મારવા નીકળી હોય તેવાં દૃશ્યો સર્જાયાં હતાં.

## ખાડીઓમાં પૂરવેગ: તાલુકાના લો લેવલ કોઝવે પાણીમાં ગરકાવ

મહુવા તાલુકામાં તેમજ ઉપરવાસના મુશળધાર વરસાદના લીધે તાલુકાની લોકમાતા તેમજ ખાડીઓમાં પૂરની સ્થિતિ સર્જાતાં જ આંતરિક રસ્તા પર આવેલો લો લેવલ કોઝવે પાણીમાં ગરકાવ થઈ જતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો.

**મહુવાના** ઇસ્લામપુરા વિસ્તારમાં કમર જેટલા પાણી ભરાતાં લોકોના જીવ અધ્ધર

**દોરડાના** સહારે ૩૦ જેટલા લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા

અનાવલ, ભોરિયા: મહુવામાં સાંબેલાધાર વરસાદ તેમજ ઉપરવાસ પડેલા વરસાદને પરિણામે પૂર્ણા નદી ગાંડીતુર બનીને વહેતાં કિનારાનાં ગામોનાં ઘરોમાં પાણી ભરાઈ જતાં તકેદારીના ભાગ મહુવાના મહુવા, રાણત, બુધલેશ્વર અને મિયાપુર ગામમાંથી ૧૭૧ નાગરિકનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

મહુવા તાલુકામાં બે જ કલાકમાં સાડા ૪ ઈંચ વરસાદ ઝીંકાયો હતો. સાથે જ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પરિણામે પૂર્ણા નદી બે કાંઠે વહેતી થઈ હતી. પૂર્ણા નદીમાં જળસ્તર ભયજનક સપાટી વટાવી જતાં મહુવા મામલતદાર દ્વારા શુક્રવારે તકેદારીના ભાગરૂપે અસરગ્રસ્ત વિસ્તારોના લોકોનું સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરાયું હતું, જેમાં મહુવાનાં મહુવા, રાણત, બુધલેશ્વર અને મિયાપુર ગામમાંથી કુલ ૧૭૧ લોકોની પ્રાથમિક શાળા અને શોપિંગ સેન્ટર ખાતે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તાલુકામાં મહુવા ટાઉનમાં ૧૦૦, આમચકમાં ૨, મિયાંપુરમાં ૬૦, ભગવાનપુરા વાંકમાં ૯, વાંસકુઈમાં ૧૫ જેટલાં મકાનોને વરસાદી આફતથી નુકસાન થયું છે.

મહુવાના ઈસ્લામપુરા વિસ્તારમાં કમર જેટલા પાણી ભરાતાં લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. ત્યારે દોરડાના સહારે ૩૦ જેટલા લોકોને રેસ્ક્યુ કરાયા હતા. પૂરની સ્થિતિ વધુ બગડતી જોતાં ધારાસભ્ય મોહનભાઈએ પણ પરિસ્થિતિનું નિરીક્ષણ કરી મહુવા મામલતદાર સાથે પૂરપીડિતોને રહેવા-જમવાની વ્યવસ્થા ઊભી કરાવવા જણાવ્યું હતું. પૂર પીડિતો માટે સૌથી પ્રશંસનીય કામગીરી મહુવા પોલીસની જોવા મળી હતી. મહુવા પી.એસ.આઈ. તેમજ તેમની ટીમે ઊંડા પાણીમાં જઈ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. આ વરસાદી માહોલમાં પૂરની સ્થિતિમાં અનેક પરિવારોને આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે

# માંગરોળમાં પૂર સહાય બાબતે બેઠક

વાંકલ: માંગરોળના ધારાસભ્ય ગણપતસિંહ વસાવાના અધ્યક્ષ સ્થાને મિટિંગનું આયોજન કરાયું હતું. માંગરોળ તાલુકાનાં 15થી વધુ ગામ જેવાં કે વાંકલ, સીમોદ્રા, આસરમા, લિંબાડા, વડોલી, કનવડા, કોસાડી, લુવારા વગેરે ગામોમાં પૂરની સ્થિતિને કારણે ગ્રામસેવક અને તલાટી કમ મંત્રીને પૂરપીડિતોને થયેલી નુકસાનીનો સરવે કરી સત્વરે કામગીરી કરવા જણાવાયું હતું. આ મિટિંગમાં દરેક વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. જે જગ્યાએ વીજ પુરવઠો ખોરવાયો છે ત્યાં તાત્કાલિક વીજ પુરવઠો ચાલુ કરી દેવાનાં સૂચનો પણ કરાયાં હતાં.

આ મિટિંગમાં માંગરોળ તાલુકાના ધારાસભ્ય ગણપતસિંહ વસાવા, માંગરોળ ટીડીઓ ધરિયા, મામલતદાર પાર્થ જયસ્વાલ, દીપક વસાવા, દિનેશ સુરતી, માંગરોળ તાલુકા પંચાયતના પ્રમુખ મનહર વસાવા, જયેશ પટેલ વગેરે હાજર રહ્યા હતા.


Milano MULTIPLEX
બારડોલી
Deadpool & Wolverine - Hindi
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Raayan
03:00pm, 09:00pm
The Up Files - 06:00pm
Bad NewZ - 12:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૮૦/૨૦૨૪
તા.૦૯/૦૭/૨૦૨૪

વાદી: લખીબેન મોહનભાઈ પટેલ, રહે.ગામતળાવ બુજરંગ, તા.માંડવી, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ગામતળાવ બુજરંગ ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી લખીબેન મોહનભાઈ પટેલ, રહે. ગામતળાવ બુજરંગ, તા.માંડવી, જી.સુરતએ તેઓ પિત મોહનભાઈ શુકકરભાઈ પટેલનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મોહનભાઈ શુકકરભાઈ પટેલ ૨. મરણ તારીખ: ૩૧/૦૧/૨૦૦૪ ૩. મરણનું સ્થળ: મોજે.ગામતળાવ બુજરંગ, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મોહનભાઈ શુકકરભાઈ પટેલના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૫/૦૮/૨૦૨૪ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી જિ.સુરત



પાસપોર્ટ ગુમ થયેલ છે

મારૂ નામ પટેલ મેહરૂન્નીશા અબ્દુલ લતીફ રહેવાસી પાલોદ ગામ, તા.માંગરોળ જિ.સુરત આથી હું જાહેર કરૂ છું કે ગઈ તા.- ૩૧-૦૫-૨૦૧૨ નાં રોજ મેં રિપબ્લીક ઓફ ઈન્ડિયા તરફથી પાસપોર્ટ કઢાવેલો, મારો પાસપોર્ટ નં: ૪૨૦૧૪૨૫ છે. જેની સમાપ્તિ તા. ૩૦-૦૫-૨૦૨૨ છે. જે મારો પાસપોર્ટ હાલમાં મેં નવા મકાનનું શિફટીંગ કરતાં કયાંક ગેરવલ્લે થઈ ગુમ થઈ ગયેલ છે. જેની શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. લિ.

પટેલ મેહરૂન્નીશા અબ્દુલ લતીફ



શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લીમીટેડ
શ્રી હરિસિંહજી મહિડા ભવન-વટારીયા, તા.વાલીયા, જી.ભરૂચ

કોન્ટ્રાકટ આપવાનો છે

પીલાણ સીઝન ૨૦૨૪-૨૦૨૫ માટે નીચે મુજબની કામગીરીનો

(૧) કેન કેરીયર, (૨) બગાસ બેલીંગ અને હેન્ડલીંગ, (૩) પ્રેસમડ વાહતુંક, (૪) બોયલર રાખ ખસેડવાનો, (૫) સુગર હાઉસ તેમજ સુગર ગોડાઉન, (૬) બાયો-કંપોષ્ટ બનાવવાનો, (૭) ચુનો તથા સલ્ફરની ટ્રક ખાલી કરવાનો, (૮) સીવીલ તથા અન્ય કામ માટે લેબર સપ્લાયરનો, (૯) કંપોષ્ટ વાહતુંક, (૧૦) વાહનથી બગાસ હટાવવાનો તથા ભુંગળા આગળથી મજુર દ્વારા બગાસ હટાવવાનો તેમજ જુદા જુદા કામોના કોન્ટ્રાકટ આપવાના છે.

ખાંડ ઉદ્યોગના અનુભવી તેમજ સરકારશ્રીનું પ્રમાણીત લેબર લાયસન્સ, પી.એફ. કોડ નંબર, જી.એસ.ટી નંબર, પાન કાર્ડ ના પ્રમાણિત પત્રોની ઝેરોક્ષ નકલ લઈ આવનાર કોન્ટ્રાકટરોને જ ટેન્ડર અને કામ આપવામાં આવશે.

સદર જણાવેલ કામો માટે રૂપિયા ૧૦૦/- (એકસો) ટેન્ડર ફોર્મ ફી તથા કોન્ટ્રાકટ દીઠ ડીપોઝીટ રૂપિયા ૧૦,૦૦૦/- (દશ હજાર) ટેન્ડર સાથે સંસ્થાના કામકાજના દિવસો દરમ્યાન ૧૧ કલાકથી ૪-૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. કોઈપણ ટેન્ડર અથવા બધાજ ટેન્ડર મંજુર કરવા અથવા નામંજુર કરવાનો અબાધિત અધિકાર સંસ્થાનો રહેશે. ઉપરોકત કામો માટે જાહેરાતની તારીખથી ૧૦ દિવસમાં ટેન્ડરો ભરી સંસ્થામાં પરત કરવાના રહેશે.

સ્થળ : વટારીયા
તારીખ : ૨૭/૦૭/૨૦૨૪

ઈ. મેનેજીંગ ડીરેકટર